દાખલ તારીખ : ૦૧.૦૬.૨૦૨૬
નોંધ્યા તારીખ : ૦૧.૦૬.૨૦૨૬
નિર્ણય તારીખ : ૦૫.૦૬.૨૦૨૬
મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૪

=====================================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. સ્પેશ્યલ જજ પોક્સો કોર્ટ**
**અને એડી. સેશન્સ જજશ્રીની કોર્ટમાં,મુ. વેરાવળ**

=====================================================

**ફો. પ. અ. નં.૨૩૭/૨૦૨૬**
**આંક–૦૮**

**મહમદસી રાજ ઈમરાનભાઈ ચૌહાણ–પટણી**
ઉ.વ.આ.૧૯, ધંધો :–અભ્યાસ
રહે.વેરાવળ હે.તુરક ચોરા જાનુ શેરી,
તા.વેરાવળ જી.ગીર–સોમનાથ.
હાલઃ–(જીલ્લા જેલ જુનાગઢ)

**...... અરજદાર**

**વિરૂધ્ધ**

**૧. શ્રી સરકાર**

**૨. મુળ ફરીયાદી તથા ભોગબનનાર**

**...... સામાવાળાઓ**

---

અરજદાર તરફે વિ.વ.શ્રી એસ.એસ.પંજા
શ્રી સરકાર તરફે વિ. સરકારી વકિલ શ્રી કે.ડી.વાળા

---

**:: બી. એન. એસ. એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી ::**

**:: જજમેન્ટ ::**

**(૧)** આ કામના અરજદાર/આરોપી વેરાવળ પો.સ્ટે.ગુના રજી. નં.૧૧૧૮૬૦૦૯૨૬૦૩૨૨/૨૦૨૬ થી બી.એન.એસ.કલમ–૬૫(૧), તેમજ પોકસો એકટની કલમઃ–૩(એ), ૪(૨) મુજબના ગુના સબબ જયુડીશયલ કસ્ટડીમાં હોય, તેઓએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

**(૨)** અરજદારની અરજી સંબંધે સરકારશ્રી, ફરિયાદી અને ભોગબનનારને નોટીશ કરવામાં આવતા ફરિયાદી તથા સરકાર તરફે વિ. પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા હાજર થયેલ છે. આંક–૫ થી ત. ક. અમલદારશ્રી હાજર રહી સોગંદનામું રજૂ કરેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એસ.એસ.પંજાની દલીલ છે કે, ચાર્જશીટ ફાઇલ થઇ ગયેલ છે. આરોપીની કસ્ટડીની જરૂર નથી. સોળ દિવસ મોડી ફરિયાદ છે. આરોપીની બહેન આરોપી અને ભોગબનનારના ગૃપ ફોટા પાડેલા તે તેનો ભાઇ જોઇ જતા હાલની ખોટી ફરિયાદ કરેલ છે. જે હકીકત ફરિયાદ કે પોલીસ રૂબરૂના નિવેદનમાં નથી તેવી હકીકત ડોકટરશ્રી રૂબરૂ લખાવેલ છે કે, મારી બહેનપણી એ પાણી પીવડાવેલ ત્યારબાદ ચક્કર જેવુ લાગેલ અને આરોપી મને ખેંચીને ઉપર લઇ ગયેલ. ફરિયાદમાં એવુ લખાવેલ છે કે, મારી દિકરીએ એવુ કહેલ કે, હું મહેંદી શીખવા જતી હતી ત્યારે મારી સીરાજ સાથે ફ્રેન્ડશીપ થયેલી જેથી અમે વાતચીત કરતા હતા ત્યારે ઇકરા(આરોપીની બહેન) ત્યાંથી જતી રહેલ. સીરાજ મારી પાસે આવી મને બથ ભરી બેડ ઉપર સુવડાવી દિધેલ. મારા કપડા કાઢી નાખેલ અને તેના કપડા પણ કાઢી નાખેલ અને મારી સાથે શરીરસબંધ બાંધેલ તે દરમ્યાન ઇકરા આવી જતા દરવાજો ખખડાવતા અમે બંનેએ ફટાફટ કપડા પહેરી લીધેલ અને ઇકરા તથા તેનો ભાઇ આદીલ રૂમમાં આવેલ તે બાદ અમે બધાએ ફોટાઓ પાડેલ અને તે બાદ ઇકરા મને ઘરે મુકી ગયેલી. આમ, ફરિયાદ અને ડોકટરશ્રી રૂબરૂમાં જુદી જુદી હકીકત જણાવે છે. અમારા ઉપર ખોટો કેસ કરેલો છે. અમો સ્થાનીક રહેવાસી છીએ. કયાંય નાસી ભાગી જઇએ તેમ નથી. નામદાર કોર્ટ ફરમાવશે તે શરતોનુ પાલન કરશુ. જેથી અરજી નામંજુર કરવા વિનંતી છે.

(૪) જયારે સામાપક્ષે વિ. પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળાની દલીલ છે કે, સગીરા તેની બહેનપણી ઇકરાને ત્યાં આવેલી. ત્યાં આરોપીએ જબરજસ્તીથી શરીરસબંધ બાંધેલો છે. ભોગબનનારની ઉંમર ૧૪ વર્ષ છે. ડોકટરશ્રી રૂબરૂમાં પણ પાણીમાં કંઇ પીવડાવી દિધેલ અને ચક્કર આવવા લાગેલ તેવુ જણાવેલ છે. આરોપી અગાઉ પણ આવા ગુનામાં સંડોવાયેલ છે. પોકસોનો કેસ થયેલ છે અને લવજેહાદ જેવો બનાવ છે. જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજમાં અવળી અસર પડે તેમ હોય અરજી નામંજુર કરવા વિનંતી છે.

(૫) બંને પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલ, એફ.આઇ.આર. તથા સોગંદનામુ ધ્યાને લેતા, એ હકીકત ફલીત થાય છે કે, ભોગબનનારની ઉંમર ૧૪ વર્ષની છે અને ફરિયાદી તેમજ ડોકટરશ્રી રૂબરૂ જે હિસ્ટ્રી આપેલી છે તેમાં અલગ-અલગ હકીકત જણાવેલ છે પરંતુ બંને જગ્યાએ જે હિસ્ટ્રી આપેલી છે તેમાં

બળજબરીથી શરીરસબંધ બાંધેલ છે તેવી હકીકત જણાવેલ છે. તેમજ તપાસ કરનાર અમલદારે કોલમ નં.૩૦ માં જણાવ્યા મુજબ હાલના આરોપી વિરૂધ્ધ વેરાવળ સીટી પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૯૨૪૦૮૫૧/૨૦૨૪ બી.એન.એસ.ક. ૭૫(૧), ૭૮, ૧૩૭(૨), ૩૫૧(૨), ૩૫૧(૩), તથા પોક્સો એકટની કલમ–૮,૧૨,૧૭,૧૮ હેઠળ ગુનો નોંધાયેલ છે અને તેના વિરૂધ્ધની કાર્યવાહી જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ સમક્ષ પેન્ડીંગ છે. આમ, આરોપી સગીર વયનો હતો ત્યારથી જ આ પ્રકારના ગુનામાં સંડોવાયેલ છે જે પરથી આરોપી પ્રબળ કામુકતા ધરાવતા હોય અને આ કામુકતા વિકૃતતામાં પરીણમે તેવી નાનપણથી વિકૃતતા ધરાવતો હોય તેવુ જણાતુ હોય આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો પોતાની માનસીક વિકૃતતા અને કામાવેગ ઉપર નિયંત્રણ રાખી શકે નહી અને વધુ ગુનામાં પોતાને સંડોવે તેમ હોય તેમજ હાલના કેસમાં તેમજ જુવેનાઇલ કોર્ટમાં જે કેસ પેન્ડીંગ છે તે બંને કેસના ભોગબનનાર ઉપર વિપરીત અસર પડે તેમ હોય અને આ પ્રકારનુ ગંભીર કૃત્ય કરવા છતાં સહેલાયથી જામીન પર છુટી જવાઇ તેવી ફરિયાદી અને આરોપીના માનસ ઉપર અસર પડે તેમ હોય આરોપી/અરજદારની અરજી મંજુર કરવા યોગ્ય જણાતુ ન હોય નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**ઃઃ આખરી હુકમ ઃઃ**

**(૧)** અરજદાર/આરોપીની બી. એન. એસ. એસ.ની કલમ–**૪૮૩** અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની અરજી "**નામંજૂર**" કરવામાં આવે છે.

**(૨)** આ હુકમની જાણ અરજદાર/આરોપીને ઇમેઇલ દ્વારા જેલ ઓથોરીટી મારફત કરવી.

આજરોજ આ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૫/૦૬/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીગ્નેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી. સેશન્સ જજ અને
સ્પેશ્યલ જજ પોકસો કોર્ટ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬